Publication: Janmabhoomi

Date: Tuesday, 25th November, 2014

Edition: Mumbai

# ઇન્ડિયાફર્સ્ટ લાઈફ ઇન્સ્યોરન્સ @5 લૉન્ચ કરે છે 'હેપી ઇન્ડિયા'

મુંબઈ, તા. ૨૪ : નાવીન્યપૂર્ણ વિચારો અને પરિવર્તન લાવવાની ધગશ સાથેના યુવા પરિવર્તનકારીઓને પિછાણવા માટે ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યુરન્સે હેપી ઈન્ડિયા પહેલની જાહેરાત કરી છે. આ સામાજિક પરિવર્તન પહેલ કંપનીની પમી તિથિની ઉજવણીના ભાગરૂપે ૧૧-૧૬ વર્ષનાં બાળકો માટે છે અને આ પહેલની જાહેરાત ચીફ માર્કેટિંગ ઑફિસર મોહિત રોશનાલી દ્વારા કરાઈ હતી.

રોશનાલીએ જણાવ્યું હતું કે ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ ચૂક્યો છે. નવી સરકાર ભારતને નાણાકીય સમાવેશકતાથી લઈને મેઈક ઈન ઈન્ડિયાથી સ્વચ્છ ભારત અભિયાન સુધી બહેતર બનાવવા માટે શ્રેણીબંધ પગલાં લઈ રહી છે. હવે વિદ્યાર્થીઓને ફક્ત માગણી કરીને નહીં, પરંતુ વાસ્તવમાં તેમને માટે નિર્માણ કરીને આ પરિવર્તનનો ભાગ બનવાની તક સામે ચાલીને આવી રહી છે.

હેપી ઈન્ડિયાનું લક્ષ્ય યુવા પરિવર્તન ઘડવૈયાઓની તલાશ કરવાનું છે અને પરિવર્તન માટે તેમના વિચારોનો અમલ કરવા માટે તેમને ટેકો આપવાનું લક્ષ્ય છે. આમાં ૧૫ શહેરની ૫૦૦ શાળામાંથી ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે.

A Joint Venture of
Bank of Baroda Legal & General Andhra Bank